

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ધર્મને ધૂતવી લેવા નેતાઓની દોડાદોડી છે,*
*સાધુ સંતોને લાગી પક્ષોની છાપ, ચડાખડી છે,*
*હળાહળ પેઠું છે રાજકારણ સંત હૃદયમાં -*
*ઉત્સાહી સંતોની આશીર્વાદ દેવા પડાપડી છે!*

હાઈકુ

*થાય ઉજાણી,*
*ભીડ ભેગી કરવા -*
*પૈસાનું પાણી!!*
*(સપથ વિધિ તાયફો)*

*વાસ્તુમાં મૃત્યુ,*
*ભટકાય વાહનો -*
*કેવાં શકન?!*
*(સપથ વિધિ)*

### ચિંતન

*ગેબી આયા ગેબસે, (ઔર) યહાં લગાઈ ગેબ,*
*ઊલટ સમાવે ગેબ મેં, (તો) મિટ જાયે સબ એબ.*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કે 'ગેબી' એટલે ગુપ્ત તત્ત્વ યાને 'આત્મા' ગેબી એટલે ગુપ્ત સ્થળથી આવ્યો છે. આ માયાવી દુનિયામાં એટલે ઈન્દ્રિયોમાંથી સ્પર્શી શકાય એવી ચીજોથી ભરેલી દુનિયામાં આવીને વેટમાર્ગુ રૂપી આત્માએ એવી ચીજોનાં મોહમાં પડીને પોતાને એબ (લાંછન) લગાડી દીધી છે. પણ કબીર કહે છે કે ગેબી જીવ આ મોહમાંથી મુક્ત થઈ પાછો ફરે અને જ્યાંથી આવ્યો તે ગુપ્ત સ્થળે સમાઈ જાય તો તેનાં સઘળા દુર્ગુણ નષ્ટ થઈ જાય. મનુષ્ય જો આ વાત સમજે તો મોહમાયામાંથી તેનો ઉદ્ધાર જરૂર થાય અને પ્રભુસ્મરણ કરી મોક્ષ પ્રાપ્ત કરે.**

### સુવિચાર

- ગમ ખાયે, ધીરજ ધરે, સુધરે સઘળાં કામ, ઉતાવળા તે બાવરા, કિંમત એક બદામ - **વિચારદિપ**
- મળ્યો છે દેહ માનવનો તો ધૂપસળી થાજો, સુગંધી અન્યને દેવા તમે જાતે બળી જાજો - **જીવનપાથેય**
- તારામાં જો પ્રેમ નથી તો તું ખરાબમાં ખરાબ પશુ છે - **શેખ સાદી**
- ગુંગો માણસ મૌન પાળે તેથી મુનિ નથી બની જતો - **ગુણવંત શાહ**
- જે પથ્થર પોતે કપાતો નથી એ તલવારની ધારને વધારે ધારદાર બનાવી શકે છે - **સંસ્કૃત સુભાષિત**
- ચાંદીની ચાવી લોખંડના તાળાને પણ ખોલી શકે છે - **કન્નડ કહેવત**
- આજનું ઔષધ : બે તાંતણા કેસર નવશેકા દૂધમાં ધોળી બાળકને પીવડાવવાથી કરમિયા ૩૦ દિવસમાં મટી જાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

મહારાજ સમુદ્રગુપ્તના દરબારમાં બે અનુપમ રત્નો હતા. એક ત્રિકાળજ્ઞાની શિવાદિત્ય, અને બીજો અદ્ભૂત શિલ્પી દેવદૂત, એકવાર દેવદત્તે શિવાદિત્યને કહ્યું, 'મારું મૃત્યુ કયારે થશે જે જણાવો.' શિવાદિત્યએ કહ્યું, 'હું કોઈના મૃત્યુ માટે ભવિષ્ય ભાખતો નથી.' દેવદત્તે વારંવાર મહારાજ સમુદ્રગુપ્તની હાજરીમાં પૃછા કરી એટલે શિવાદિત્યે કુંડળી બનાવી કહ્યું, 'બાસઠમું વર્ષ ખરાબ હશે અને ત્રેસઠમું વરસ તમે પુરું નહીં કરી શકો.'

દેવદત્તે વિચાર્યું હજી તો મને સાંઈઠ વર્ષ થયા છે. મારી પોતાની જ સાત મૂર્તિ આહેબુલ બનાવી નાખું કે યમદૂત લેવા આવે ત્યારે મને ઓળખી જ ન શકે. ત્રેસઠમાં વર્ષની શરુઆતમાં જ યમદૂતો દેવદત્તને લેવા આવ્યા ત્યારે આઠ આબેહૂબ શિલ્પમાંથી સાચો દેવદત્ત કોણ છે તેઓ પારખી ન શક્યા. યમરાજા પાસે જઈ પોતાની મુશ્કેલી વર્ણવી.

યમરાજે કહ્યું, 'માનવીની મુખ્ય નબળાઈ પ્રશંસા છે, ત્યાં જઈને તમે દેવદત્તની શિલ્પકલાના વખાણ કરજો એટલે દેવદત્ત ખુદ તમારી સમક્ષ ઉપસ્થિત થશે.' યમદૂતો ફરી આઠ શીલ્પ પાસે જઈ અને વખાણ કરવા લાગ્યા અને બોલ્યા, 'આ શિલ્પી કેવો મહાન હશે ! આ શિલ્પીને તો ઈન્દ્રનું સિંહાસન આપવું જોઈએ.' દેવદત્ત આ સાંભળી તરત પ્રગટ થયો અને બોલ્યો, 'આ બધી કૃતિઓ મેં બનાવી છે. પૃથ્વીલોકમાં મારા જેવો શિલ્પી થયો નથી અને થવાનો પણ નથી.'

તરત જ યમદૂતો દેવદત્તને લઈ રવાના થઈ ગયા.

# લોકસભામાં ઐતિહાસિક બિલ પસાર

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકાર દ્વારા ઐતિહાસિક ટ્રિપલ તલાક બિલ લોકસભામાં પસાર કરાવાયું તે અંગત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અને સ્થૂળ રીતે ભારતીય જનતા પાર્ટીની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. ઓવૈસી જેવા કટ્ટર મુસ્લિમ નેતાએ ઊંચા અવાજે બિલનો વિરોધ કર્યો, એને મુસ્લિમ નેતા મહિલાઓને અન્યાયકર્તા ગણાવ્યું અને મોકૂફ રાખવા અપીલ કરી પરંતુ એમની વાતને એક માત્ર બિજુ જનતા દળના સાંસદ ભર્તૃહરિ સિવાય કોઈનું સમર્થન ન સાંપડ્યું. વિપક્ષનો અધિકૃત દરજ્જો નહીં ધરાવતા કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ પાર્ટીની લાઈન મુજબ બિલને સમર્થન આપ્યું. માત્ર એને પરામર્શન પછી પસાર કરાવવાનું સૂચન કર્યું. જો કે રાજદ - બીજેડીએ સુધારા પણ સૂચવ્યા અને સમાજવાદી પાર્ટીએ એને હિંદુ બહુમતીને ખુશ કરવા માટેનું પગલું ગણાવ્યું છતાં કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે એક પણ સૂચન કે સુધારા ગ્રાહ્ય નહીં રાખી બિલ બહુમતીના જોર પર યથાસ્થિતિમાં પસાર કરાવી દઈ ભારતીય જનતા પાર્ટીનો બુલંદ ઈરાદો સાકાર કરી બતાવ્યો. મુસ્લિમ મહિલા પર્સનલ બોર્ડનાં ચેરપર્સન સાઈસ્તાએ તથા મિનાક્ષી લેખી જેવાં બોલકાં સાંસદે મુસ્લિમ મહિલાઓના લગ્ન અધિકારનાના આ ઐતિહાસિક બિલના સમર્થનમાં રજૂઆત કરી છે. ચૌદસો વર્ષથી ચાલી આવતી પુરુષોની ગુલામીમાંથી મહિલાઓને આઝાદી મળી રહી હોવાનો માહોલ અલબત્ત આવકારદાયક છે. સુપ્રીમ કોર્ટ દ્વારા તીન તલાકને ગેરકાયદેસર ગણાવાયા પછી પણ આ પ્રથાના નાબૂદ નથી થઈ તેનું તાજું ઉદાહરણ પણ કાયદામંત્રીએ ગૃહમાં રજૂ કર્યું હતું જેમાં રામપુર પંથકની એક મુસ્લિમ મહિલાને એ મોડી ઊઠવાની ટેવ ધરાવતી હોઈ એના પતિએ તલાક આપી દઈ ઘર બહાર ધકેલી દીધી હતી અને ઘરને તાળું મારી પોતાના કામે ચાલ્યો ગયો હતો. વાસ્તવિકતાનો વિરોધ કરી ટ્રિપલ તલાક તલાકને શરિયતનું સમર્થન હોવાનું ગણાવતા ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ દ્વારા બિલને સુપ્રીમ કોર્ટમાં પડકારશે એ ઢીલમાં મૂકવાની કોશિશ પણ થશે. પરંતુ જો રાજયસભામાં આ બિલ ચર્ચાવિચારણા તથા અમુક સુધારાવધારા સાથે કોંગ્રેસના સમર્થનથી પસાર થઈ જશે તો તે મોદી સરકારની મુસ્લિમ મહિલાઓને અનેરી સોગાત સાબિત થશે. કોંગ્રેસના વલણમાં આવેલ ફેરફાર પછી રાજયસભામાં ગુલામ નબી આઝાદ જેવા નેતા પણ બિલનો વિરોધ કરતાં અચકાશે અને વિરોધ કરશે તો પણ એ લોકસભામાં મલ્લિકાર્જુન ખડગેએ વાપરેલી સંમયિત ભાષામાં જ કરશે. બહુ બહુ તો એને પરામર્શન માટે મોકલી આપી થોડો વખત ઢીલમાં મુકાવી શકશે. જો કે એવું કરશે તો પણ એનો રાજકીય લાભ તો ભારતીય જનતા પાર્ટી જ ખાટી જશે. અધિકૃત ન્યાય પદ્ધતિથી તલાક શુદા મુસ્લિમ મહિલાઓના ભરણભોષણ માટેની વ્યવસ્થા પણ આ બિલમાં સમાવિષ્ઠ કરવી પડશે. એક રીતે મુસ્લિમ મહિલાઓ દેશની બાકીની મહિલાઓની સમકક્ષ સમાજ દરજ્જો ધરાવતી થઈ શકશે. દેખીતી રીતે વખાણવા લાયક એવું આ બિલ હિંદુ બહુમતી સમાજમાં વડાપ્રધાનને એક સાહસિક અને બહાદુર લોકનાયક તરીકે પ્રસ્થાપિત કરશે અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે ફરી એક વાર હિંદુ મતોનું ધ્રુવીકરણમાં ઉદ્દીપકનો પાઠ ભજવશે તે નક્કી. અલબત્ત, મુસ્લિમ સમાજે જાતે આગળ આવીને આ બિલના સમર્થનમાં નિવેદન કરવું જોઈએ. કોઈ પણ પ્રગતિશીલ સમાજ ટ્રિપલ તલાક જેવી અમાનુષી પ્રથાને લાંબો વખત ન જ ચલાવી શકે.

# દરેક ગ્રામવાસીને થવું જોઈએ કે મારું ભાગ્ય હું પોતે ઘડી શકું છું

**'ઓલમાંથી નીકળીને ચૂલમાં ન પડવા અંગે ગાંધીની શિખ'**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

'કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહીં પણ બધા લોકોને અધિકારના દુરુપયોગ સાથે થવાની શક્તિ સમાનપણે કેળવ્યાથી જ ખરું સ્વરાજ મળવાનું છે, એ દેખાડીને પણ હું સવાલનો ફડચો આણવાની ઉમેદ રાખું છું. બીજા શબ્દોમાં કહું તો સામાન્ય વર્ગને રાજ્યાધિકારીઓને મર્યાદામાં રાખવાની તથા તેમના ઉપર પોતાનો અંકુશ રાખવાની શક્તિનું પૂરેપૂરું ભાન કરાવવાની સ્વરાજ મળી શકે તેમ છે.' - આ શબ્દો મહાત્મા ગાંધીએ તેમની આત્મકથામાં કહેલા છે.

શાશ્વત ગાંધીની ઉપરોક્ત વાત આજે પણ એટલી જ સાચી પડે છે. આજે જયારે ગુજરાત વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો થોડા દિવસોમાં શપથ લેવા જઈ રહ્યા છે તે પ્રસંગે ગાંધી વાણીને વાગોળવા જેવી છે. ગાંધીએ કહ્યું છે અંગ્રેજો ચાલ્યા જાવ એટલે પૂર્ણ સ્વરાજ આવી જતું નથી. દરેક ગ્રામવાસીને થઈ જવું જોઈએ કે મારું ભાગ્ય હું ઘડી શકું છું. મારા પ્રતિનિધિઓ મારફતે મારે જે કાયદા કરવા હોય તે કરી શકું છું.

આપણે લાંબા વખતથી એમ માનવાને ટેવાયા છીએ કે પ્રજાને સત્તા કેવળ ધારાસભાઓ મારફતે મળે છે. આ માન્યતાને હું આપણી એક ગંભીર ભૂલ માનતો આવ્યો છું. એ ભ્રમનું કારણ કાં તો આપણી જડતા છે, કાં તો અંગ્રેજોના રીતરિવાજોએ આપણા પર જે ભૂરકી નાખી છે તે છે. બ્રિટીશ લોકોના ઈતિહાસના ઉપરચોટિયા અભ્યાસ પરથી આપણે એવું સમજ્યા છીએ કે, રાજતંત્રની ટોચે આવેલી પાર્લમેન્ટોમાંથી સત્તા ઝમીને પ્રજાની અંદર ઊતરે છે. સાચી વાત એ છે કે, સત્તા લોકોમાં વસે છે, લોકોની હોય છે, અને લોકો પોતાના પ્રતિનિધિઓ તરીકે વખતોવખત જેમને પસંદ કરે છે તેમને તેટલા વખત પૂરતી તેની સોંપણ કરે છે. અરે, લોકોથી સ્વતંત્ર એવી પાર્લમેન્ટોની સત્તા તો શું, હસ્તીયે હોતી નથી. છેલ્લાં એકવીસ થીયે વધઆરે વર્ષોથી આટલી સીદીસાદી વાત લોકોને ગળે ઉતારવાને હું મથ્યા કરું છું. સત્તાનો અસલ ભંડાર સત્યાગ્રહ અથવા સવિનયભંગથી તાકાત છે. એક આખી પ્રજા પોતાની ધારાસભાના કાયદાઓ પ્રમાણે ચાલવાનો ઈન્કાર કરે, અને એવા સવિનયભંગનાં પરિમામો વેઠવાને તૈયાર થાય તો શું થાય તેની કલ્પના કરો! એવી પ્રજા સરકારના ધારાસભાના ને વહીવટી તંત્રને આખું ને આખું થંભાવી દેશે. સરકારનું પોલીસનું ને લશ્કરનું બળ, ગમે તેવી જબરી હોય તો પણ લઘુમતીને દબાવવા પૂરતું જ કામ આવે છે. પણ આવી પડે તે બધું સહન કરવાને જે આખી પ્રજા તૈયાર હોય તેના દઢ સંકલ્પને નમાવવા કોઈ પોલીસની કે કોઈ લશ્કરની જબરદસ્તી કામ આવતી નથી.

વળી, પાર્લામેન્ટની પદ્ધતિનો રાજવહીવટ પાર્લમેન્ટના બધા સભ્યો લઘુમતીથી થયેલા નિર્ણયોને તાબે થવાને ખુશી હોય તો જ ઉપયોગી થાય છે. બીજા શબ્દોમાં એમ કહેવાય કે પાર્લમેન્ટની રાજયપદ્ધતિનો વહીવટ પરસ્પર અનુકૂળ સમૂહોમાં જ ઠીક ઠીક કામ આપે છે.

આપણે સૌ એક પિતાનાં સંતાન

મારી દૃષ્ટિએ થોડા બહુમતિને માન ન આપનારને આપણે પશુબળથી વશ કરવા નથી માગતા, પણ તેમને સમજાવીને તેમનો હૃદયપલટો કરવા ઈચ્છીએ છીએ. એમ ન હોય તો ગામડાંનાં લોકોનો તો આપણે નાશ જ કરવો રહ્યો. કેમ કે ઉતાવળમાં જે નવી નવી વસ્તુઓ આપણે પચાવી શક્યા હોઈએ, અને જેમને પચાવવામાં આપણને ઘણા વર્ષો વીતી ગયા હોય, તે તે લોકોની પાસે એક ક્ષણમાં કરાવવા આપણે ઈચ્છીશું; અને એ ઈચ્છાઓ અમલ લોકોની પાસે હથિયારબળથી કરાવવા મંડી જશું, તો સ્વરાજય જેવી વસ્તુઓ સ્વાદ કરોડો ભલા લોકો તો કદી પામવાના નથી. અને એવું હથિયારબળ ઉપર રચાયેલું તંત્ર લોકોની જે લૂંટ આજે ચાલી રહી છે તેવી લૂંટ ઉપર જ રચી શકાય... આપણે ઓલમાંથી નીકળી ચૂલમાં પડ્યા બરાબર થવાના.

**(લેખક સમાજશાસના અધ્યાપક છે.)**

# નાનાભાઈના વિરાટ વ્યકિતત્વની વાતો



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

૧લી જુલાઈ-૧૯૩૮ની જેઠ સુદ પૂર્ણિમાનો એ દિવસ. વીજળીના ચમકારે મોતીડા પરોવવાની વાત ગંગાસતીએ ગાઈ હતી. એજ રીતે પૂર્ણીમાંના ઉજળા આભના સથવારે વિદ્યાનો દીવો પ્રગટાવવા નાનાભાઈ ભટ્ટ નામના વિદ્યાપુરુષે નિર્ધાર કર્યો. અંતરની દઢતાથી થયેલા નિર્ણયને

કોણ રોકી શક્યું છે?
એકવાર શઢ ભર્યા ફૂલ્યા
ને વાયરા ખીલ્યા,
હોડીને દૂર શું! નજીક શું!

કવિવર ઉમાશંકર જોશીએ ઉપરના સુંદર શબ્દોમાં લખ્યુ છે તેમ નાનાભાઈના આ ગ્રામ દક્ષિણામૂર્તિના હેતુસભર પ્રયાણને વિપત્તિઓના વાદળનો ઓછાયો બાધારૂપ બની શકે તેમ ન હતુ. આંબલા (ભાવનગરજિલ્લો) ગામની પ્રાથમિક શાળા નાનાભાઈએ સંભાળી. પોતાનુ જ સર્જન હતું તેવી ભાવનગરની વિખ્યાત દક્ષિણામૂર્તિ સંસ્થાને પણ છોડીને નાનાભાઈ નીકળ્યા તે નીકળ્યાજ. હૈયામાં એક જ રટણા છેઃ ''સૂઝશે તે કરીશ, કંઈ નહિ સૂઝે તો સુદર્શન વાટીશ!'' એકલરામ નાનાભાઈનુ આ મહાભિનિષ્ક્રમણ હતુ બુધ્ધના મહાભિનિષ્ક્રમણની યાદ તાજી કરાવે તેવુ. ગામડામાં બેસી શિક્ષણનું કાર્ય કરવું. શિક્ષણનો વ્યાપ વધારવો તથા શિક્ષણને જીવન સાથે જોડવાના ત્રિવિધ ઉપાયો કરવાનો નાનાભાઈનો તે કાળનો નિર્ણય આજે પણ એટલોજ પ્રસ્તુત છે. ડિસેંબર માસના છેલ્લા દિવસે નાનાભાઈ તો સદાકાળ માટે ગયા (૩૧ ડિસેંબર-૧૯૬૧) પરંતુ નૂતન દૃષ્ટિનું તે જ રેલાવીને ગયા. ડિસેંબર માસમાં નાનાભાઈનું પુણ્ય સ્મરણ અંધકારમાં પણ ઉજાસ પ્રગટાવે તેવુ છે.

ગ્રામદક્ષિણામૂર્તિનો પ્રારંભ એ નિર્ણય તો નાનાભાઈ ભટ્ટનો વ્યકિતગત હતો. પરંતુ શિક્ષણના પ્રશ્નો આજે જયારે વિશાળ લોક સમુહ તથા સરકારોને અકળાવે છે ત્યારે નાનાભાઈની વિચારધારા તરફ ફરી નજર નાખવાની વાત આજે પણ કામમાં આવે તેવી છે. આપણે જે શિક્ષણ લઈએ છીએ તેની ગુણવત્તા કેવી છે ? અનેક વિશ્વસનિય તારણો જે સામે આવે છે તે સ્પષ્ટ રીતે દર્શાવે છે કે શિક્ષણની ગુણવત્તા આજે પણ સંતોષકારક નથી. માળખાગત સુવિધાઓ જરૂર વધી છે પરંતુ જે વિદ્યાર્થીઓનુ ઘડતર કરી શકે તેવી કેળવણી આપણે આપી શકતા નથી. દાદા ધર્મોધિકારીએ એકથી વધારે વખત આજ વાત તેમના વિદ્યાપીઠના પ્રવચનોમાં કરી છે. માળખાગત સુવિધાઓ સાથે શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે પરંતુ જેમણે શિક્ષણ મેળવેલુ હોય તેઓ કંઈક રચનાત્મક પ્રદાન કરીને આર્થિક ઉપાર્જન કરવા માટેનો આત્મવિશ્વાસ ધરાવતા નથી. આથી અનેક શિક્ષિત લોકો કામ મેળવવાની કપરી સમસ્યાનો સામનો કરે છે. શિક્ષણને રોજગારી સાથે આપણે જોડી શક્યા નથી. સામાન્ય નોકરી મેળવવાની ઘટમાળમાં પણ અનેક યુવાનો પોતાનુ હીર તથા હામ બન્ને ગુમાવે છે. બેરોજગારીના આંકડા પ્રસિધ્ધ થતા રહે છે. કોઈપણ ભોગે નોકરી મેળવાવાની લાલચમાં કેટલાક કૌભાંડ પણ થતા રહે છે. દિવસે દિવસે ખર્ચાળ બનતા જતા શિક્ષણનો ખર્ચ વેંઢારવામાં અનેક મધ્યમ વર્ગના લોકો પીસાયા કરેછે. નાનાભાઈ તથા મનુભાઈ(દર્શક)એ કેળવણીને જીવનના ઘડતર સાથે જોડવાનો પ્રયાસ કર્યો જેથી શિક્ષાર્થીમાં એક આત્મવિશ્વાસનો સંચાર થઈ શકે. માત્ર સરકાર પર આધાર રાખવાથી નાનાભાઈ જેવુ કામ થવુ મુશ્કેલ છે સરકાર ઉપરાંત શિક્ષણ સાથે જોડાયેલા લોકો અને જાગૃત સમાજે નાનાભાઈ જેવા સમર્પિત શિક્ષકના જીવન કાર્યને લક્ષમાં રાખીને આજના સમય માટેના શિક્ષણમાં સુધારણાના પ્રશ્નને ફરી વિચારવો જરૂરી બન્યો છે. આ દિશામાં કોઈ પ્રયાસો નથી થયા તેમ કહેવુ ઉચિત નથી.પરંતુ સમસ્યા જે વ્યાપક અને ગંભીર છે તેને નજરમાં રાખીને પ્રથામાં પરિવર્તન કરવુ પડશે. ટૂંકાગાળામાં થાય તેવુ આ કામ નથી. પરંતુ લાંબા ગાળાના આયોજન સાથેના ઠોસ પગલા વધારે સારુ પરિણામ જરૂર આપી શકે. નાનાભાઈની સ્મૃતિમાં શિક્ષણ સાથે સંકળાયેલા અનેક પ્રશ્નો માટે પુનઃ સહચિંતન કરી નકકર પગલા ભરવાનો આ સમય છે.

દક્ષિણામૂર્તિ વિદ્યાધામના નિર્માણમાં એક એક ઈંટ નાનાભાઈના લોહી-પસીનાથી ભીંજાયેલી હતી. નાનાભાઈનું જે સ્વપ્ર હતું તેને વાસ્તવિક સ્વરૂપ આ સંસ્થા થકી મળ્યું હતું. એ બાબત આશ્ચર્ય તથા અહોભાવ ઉપજાવે તેવી છે કે નાનાભાઈ આ સંસ્થા પણ સાપ કાંચળી ઉતારે તેમ છોડે છે. શહેરના જીવનની સુવિધાઓ કે સંસ્થાના કારણે તેમને મળતા માન સન્માનની સહેજ પણ પરવા કર્યા સિવાય તેઓ અજાણ્યા તથા અપરિચિત ગામડામાં જઈને ગ્રામશાળાની ધૂણી ધખાવવાનો દઢ સંકલ્પ કરે છે. શ્રધ્ધા, સમતા તથા નિર્ણયમાં દઢતા એ નાનાભાઈના જીવનમાં તાણાંવાણાની જેમ ગૂંથાયેલા હતા. નાનાભાઈની શકિત નીડરતામાં તેમજ અનાસકિતમાં છે તેવુ શ્રી નારાયણ દેસાઈનું વિધાન યથાર્થ છે. જૂલાઈ-૧૯૩૮માં આંબલા ગામમાં ''દક્ષિણામૂર્તિ ગ્રામશાળા'' નો દિપક પ્રજવળી ઉઠયો. ગામડાની શાળાના''મહેતાજી'' નાનાભાઈએ ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાયુકત કેળવણીનો શંખ ફૂંકયો. કેટલાક સાથીઓ આ કપરા કામમાં ન જોડાયા એ ખરુ પરંતુ બીજી બાજુ દર્શક જેવા મહામાનવ નાનાભાઈના આ યજ્ઞકાર્યમાં આહૂતિ આપવા સ્વેચ્છાએ આવી પહોંચ્યા. કેળવણીની ક્રાંતિયાત્રામાં નાનાભાઈનો દક્ષિણામૂર્તિ ભાવનગર પછી આ બીજો મહત્વનો પડાવ હતો. માનવીના ઘરબાયેલા સત્યને ખીલવવાનો પ્રયાસ એ આ ઐતિહાસિક પડાવની પશ્ચાદભૂમાં જોઈ શકાય છે. ''એકલો જાનેરે'' ના કેન્દ્રીય વિચારને નાનાભાઈએ જીવી બતાવ્યો છે. આંબલામાં તૈયાર થયેલી અનેક ચીનગારીઓએ જીવનના વિવિધ ક્ષેત્રોમાં જાગૃતિનો પ્રકાશ ફેલાવવા યથાશકિત પ્રયાસ કર્યો છે. નાનાભાઈએ જીવનના મહત્વના વળાંકો ઉપર જે વ્યકિતગત રીતે કપરા તથા પ્રતિકૂળ પરંતુ સામૂહિક દ્રષ્ટિએ કલ્યાણમય નિર્ણયો દ્રઢતા અને સાહસથી કર્યા છે તે આજે પણ પ્રેરણા પૂરી પાડે તેવા છે. આપણા ઘડવૈયા આપણે થઈએ ત્યારે જ આ શકય બને છે.

નાનાભાઈ સ્થાપિત ગ્રામ દક્ષિણામૂર્તિ પાવક જવાળાની ખ્યાતિ સમગ્ર દેશમાં થઈ. વિનોબાજી તથા કાકા સાહેબ જેવી હસ્તીઓએ સંસ્થાની મુલાકાત લઈ નાનાભાઈને બીરદાવ્યા. સાંપ્રતકાળમાં જયારે શિક્ષણને જીવન સાથે જોડવાની જરૂર વ્યાપક રીતે અનુભવાય છે ત્યારે નાનાભાઈના પ્રયાસો તરફ એક અભ્યાસુની દ્રષ્ટિએ જોવાની જરૂર છે.

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૯મું અધિવેશન સિકંદરાબાદ ખાતે સંપન્ન ગયું



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાત રાજયની ૧૧૨ વર્ષ જૂની પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા, ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૯મું અધિવેશન સિકંદરાબાદ ખાતે શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાન પદે, પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રના અધ્યક્ષ સ્થાને તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન યોજાઈ ગયું. આ અધિવેશન અંતર્ગત ૨૩ ડિસે. શનિવારે ઉદ્ઘાટન સમારંભ જય જય ગરવી ગુજારતના ગીત દ્વારા શરુ કરવામાં આવ્યો હતો. સ્વાગતમંત્રી ઘનશ્યામભાઈ પટેલ દ્વારા સ્વાગત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. જયારે જનકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો અને પરિષદના મંત્રી પ્રફુલ્લ રાવલ દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરાયા બાદ; નિવૃત્ત થયા પ્રમુખ ચંદ્રકાન્ત ટોપીવાળા દ્વારા, તેમના નિવૃત્તિ વકતવ્ય બાદ સંસ્થાના કાર્યભારની સોંપણી નવનિયુકત્ પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રને કરવામાં આવી. આ પ્રમુખનો પરિચય સમીર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યો, ત્યારબાદ પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રે તેમનું વકતવ્ય આપ્યું. અતિશિ વિશેષ તરીકે કે. શિવારેડ્ડી હતા, તેઓનો પરિચય ડૉ. હસમુખ સી. ઉપાધ્યાય દ્વારા આપવામાં આવ્યો. ત્યારબાદ કે. શિવારેડ્ડીએ તેઓનું વકતવ્ય રજૂ કર્યું. રઘુવીર ચૌધરી અને હર્ષ બ્રહ્મ ભટ્ટે પ્રાસંગિક ઉદ્બોધન કર્યા બાદ, યજમાન સંસ્થાના મહેન્દ્રભાઈ પી. કપાશી દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું. પ્રથમ બેઠકમાં 'સાહિત્ય અને રાષ્ટ્ર' વિષય અંતર્ગત ભરત મહેતા દ્વારા 'પ્રશ્ન, નિરામય પારસ્પર્યનો' વિષયે અને ઉષા ઉપાધ્યાય દ્વારા 'તુંડે તુંડે રાષ્ટ્રભિન્ન' બાબતે વકતવ્યો આપવામાં આવ્યા. આ બેઠકના અધ્યક્ષ સ્થાને પ. ન. શાહ હતા જયારે બેઠકનું સંચાલન પ્રજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

તા. ૨૪ ડીસેમ્બરે બીજી બેઠક પરેશ નાયકના અધ્યક્ષ સ્થાને 'નાટક' સાહિત્ય સ્વરુપ અન્વયે મધુરાય અને મહેશ ચંપકલાલે અનુક્રમે 'મારા નાયકો, મારા સમકાલીન નાટ્યકારો અને મારી નાટ્યવિભાનાઓ' તથા 'જૂની - નવી ગુજરાતી રંગભૂમિનાં સંક્રાંતબિંદુઓ' વિષય વકતવ્યો આપ્યા હતા. આ બેઠકનું સંચાલન ધ્વનિલ પારેખે કર્યું હતું. ત્રીજી બેઠક સતીશ વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં સતીશ વ્યાસે 'કાન્તઃ અતીત, સાંપ્રત અને અનાગતને તાગતા સર્જક' વિષયે જયારે પ્રફુલ્લ રાવલે 'કાન્તઃ મધ્યાહને આથમેલો સૂરજ' અન્વયે જયારે રાજેશ પંડ્યાએ 'કાન્તની કવિતા' વિષયે વકતવ્યો રજૂ કર્યા હતા. રવિવારે રાત્રે કાન્તના જીવન પર આધારિત અને સતીશ વ્યાસ લિખિત નાટક 'જળને પડદે કમલ જોશી અને કલાકાર વૃંદ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ બેઠકનું સંચાલન યોગેશ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. સોમવારે અધિવેશન સમાપનની બેઠકના અધ્યક્ષપદે રઘુવીર ચૌધરી હતા. જયારે બેઠકનું સંચાલન સંધ્યા ભટ્ટે કર્યું હતું. ડૉ. સી. મૃણાલિની દ્વારા 'આજનું તેલુગુ સાહિત્ય' વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યારબાદ 'પ્રતિભાવો' રજૂ થયા બાદ પરિષદ અને યજમાન સંસ્થા દ્વારા આભારદર્શન કરી બેઠકની સમાપ્તિ કરવામાં આવી હતી.

આ બેઠકમાં રાજયના સાહિત્યકારો ઉપરાંત, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોમાં પૂર્વપ્રમુખ ભરત કવિ, પ્રજ્ઞાબેન પટેલ, ધ્વનિલ પારેખ, રણછોડ પરમાર, ભગવાનભાઈ કા. ગોહેલ, મહેન્દ્ર રાઠોડ, કનૈયાલાલ ભટ્ટ, રોહિણી પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનનો ચોથો કાર્યશિબિર તા. ૨૪મી ડિસે. ૨૦૧૭ના રોજ 'સમતા નોલેજ એકેદમી' (સમતા એજયુકેશન ટ્રસ્ટ) મોટેરા, અમદાવાદના યજમાનપદે, 'સમતા નોલેજ એકેડમી, અમરાજીના મુવાડા, સા.કાં. ખાતે' પ્રતિષ્ઠિનના પ્રમુખ કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા એવોર્ડથી સન્માનિત વાર્તાકાર ડૉ. મોહન પરમારના અધ્યક્ષપદે એન સાહિત્યકાર ભી.ન. વણકર, દાન વાઘેલા, કનુ અસામલીકર, દલપત ચૌહાણ અને ડૉ. યશંવત વાઘેલાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ કાર્યશિબિરમાં 'દલિત ચેતના' સામયિકના તંત્રી મનોજ પરમાર લિખિત પુસ્તક 'પ્રતીતિ' અને કવિ દાન વાઘેલા લિખિત કાવ્યસંગ્રહ 'આર્ષમય' નું વિમોચન અને લોકાર્પણવિધિ કરવામાં આવ્યો. ત્યારબાદ ડૉ. યશવંત વાઘેલાએ 'ટૂંકી વાર્તા' વિશે વકતવ્ય આપતા, 'સમતા નોલેજ એકેદમી' ના સંચાલક તરીકે સ્વાગત પ્રવચન કર્યું હતું. ડૉ. મોહન પરમારે અધ્યક્ષીય પ્રવચન કર્યું હતું. ત્યારબાદ વાર્તાશિબિરમાં વાર્તાકારો રમણ વાઘેલાએ - વાર્તા 'દવધા', મૂળજીભાઈ પરમારે વાર્તા 'પથરી', ભી.ન. વણકરે વાર્તા 'ગોઠડી', અરવિંદ માર્ડને વાર્તા 'કારજ', રામ સોલંકીએ વાર્તા 'થોરનું ડીડું', સંજય ચૌહાણે વાર્તા 'જીવતી લાશો', દલપત ચૌહાણ વાર્તા 'ઓળખ', દાન વાઘેલાએ વાર્તા 'કરજદાર', કનુ અસામલીકરે વાર્તા 'હૂંફ' અને ડો. મોહન પરમારે વાર્તા 'ખાડ' રજૂ કરી હતી. જે વાર્તાઓ વિશે ચર્ચા--વિચારણા કરવામાં આવી હતી અને તે અંગે 'વાર્તા'ના પરિપ્રેક્ષ્યમાં, વાર્તાઓની મૂલવણી કરીને, જરૂર જણાઈ ત્યાં સુધારાવધારા સૂચવવામાં આવ્યા હતા. અંતમાં મૂળજીભાઈ પરમારે આધારવિધિ કરી હતી.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ૨૪મી ડિસેમ્બર ૨૦૧૭ના રોજ આંબેડકર હોત ખાતે, ડૉ. આંબેડકરના માનદ અંગત સચિવ નાનકચંદ રત્તુ લિખિત પુસ્તક 'ડૉ. આંબેડકરનાં સંસ્મરણો' અન્વયેનું પૂનમચંદ મકવાણાનું વકતવ્ય યોજાઈ ગયું. જેમાં દલિત સાહિત્યકાર અને નિવૃત્ત આઈએએસ, પ્રવીણ ગઢવી, સાહિત્યકાર ભી.ન. વણકર, કવિ રમણ વાઘેલા, સાહિત્યકાર સાહિલ પરમાર અને નારણભાઈ વાઘેલાની સાહિત્ય ખાસ ઉપસ્થિતિ રહી હતી. ડૉ. આંબેડકરના ચાહકો અને સાહિત્ય ભાવકોએ કાર્યક્રમ માણ્યો હતો.

-muljibhaidadhi@gmail.com